**VASHISHTHA GENESIS SCHOOL, BARDOLI**
**(Academic Session 2025-26)**

**Date: ________ Class: 6 Div: B /C Roll No: ______ Sub: 2.Guj**

**Worksheet: PT -1** અપઠિત ગદ્ય

**Name: ________________________________________**

(૧)અપઠિત ગા વાંચી પ્રશ્નોના જવાબ લખો.

મોંઘવારી વધતી જાય છે તેમ તેમ નીતિ, પ્રામાણિકતા, સાદાઇ, નિષ્ઠા વગેરે જીવનનાં મૂલ્યો ઘસાતા જાય છે.ગૃસ્થાશ્રમી માણસ કોઇ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો,વેપારીઓ અને ઉધોગપત્તિઓને એ તાગડ ધિન્ના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાય જાય છે.તે ભ્રષ્ટાચારી બનવા લલચાય છે. ઋષિમુનિઓના સાદા અને પવિત્ર જીવનની વાર્તામાં એને રસ નથી. બુધ્ધ,મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રધ્ધા નથી, સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાર્તા ચાલે છે પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અઘોળ આચરણની વધુ અસર પડે છે, અને એવું આચરણ જીવનના કોઇ સ્તરે આપણા દેશમાં દેખાતું નથી, સ્વરાજના પાંચ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધપાત્ર સુધારો થયો નથી.

1 કોણ કોઇ પણ બે રીતે છેડા ભેગા કરવામાં ફાવતા નથી?

______________________________________________________________________.

2 શિક્ષણમાં શું ઉમેરવાની વાર્તા ચાલેછે?

______________________________________________________________________.

3 સમાજનો દરેક વર્ગ શું કરવા સંકોચ અનુભવતો નથી?

______________________________________________________________________.

4. અધમણ વાત કરતાં શેની વધુ અસર પડે છે?

______________________________________________________________________.

(૨)

પ્રસન્નતા એટલે આપણી જે સ્થિતિ હોય તેનાથી સંતોષ પામી સુખી થવાની વૃત્તિ. જે સર્વ સ્થળે અને સર્વ સમયે આદિ શુભ ગુણોના એ રહે છે તે નિત્ય પ્રસન્ન જ રહે છે. આવું એની મેળે થઈ શકતું નથી; ધૈર્ય, શાંતિ બળથી જ તે થાય છે.

આ જગતમાં આપણને જે પ્રાપ્ત થાય છે તે આપણી ઇચ્છા પ્રમાણે જ થતું નથી. એટલે શ્રમ કર્યે જવો, પણ જે ફળ થાય તેથી નિરંતર સંતોષ રાખી પ્રસન્ન રહેવું. આપણા જીવનને સુખવાળું કરવું કે દુઃખવાળું, એ જેટલું આપણા પોતાના ઉપર આધાર રાખે છે એટલું બીજાના ઉપર નથી રાખતું. ફલાણું હલકું છે, અમુક મને ગમતું નથી, એમ આપણી પોતાની સ્થિતિ વિશે જ્યારે બડબડાટ કર્યા કરીએ, ત્યારે આપણને કદી નિરાંત વળતી નથી ને સુખે રોટલો આપણાથી ખવાતો નથી. જેટલું ને જેવું જોઈએ તેવું જગતમાં મોટા રાજાને પણ મળતું નથી, તો આપણે એવી વિના કારણ પીડા શા માટે વહોરવી ? દુઃખના સમયે તરબડી જતાં પહેલાં (આપણાંથી) વધારે દુઃખી લોકે જે ધીરજ રાખી હોય તે સંભારવી; અને સુખની વખતે ફુલાઈ પહેલા, સુખી છતાં દુઃખી થયેલાને સ્મરણમાં લાવવા. એમ સંતોષ ઉપર મનને ચોંટાડવું એમ કરવાથી અંતઃકરણ સર્વદા પ્રસન્ન રહેશે, સર્વત્ર પ્રસન્નતા જ દેખશે અને બધે પ્રસન્નતા પેદા કરવાનું કારણ થઈ શકશે.

પ્રશ્ન :

૧.પ્રસન્નતા એટલે શું ?

________________________________________________________________.

૨. આપણા જીવનને સુખવાળું કરવું કે દુઃખવાળું, એ કોના ઉપર આધાર રાખે છે ?

________________________________________________________________.

૩.જીવનમાં ક્યારે નિરાંત વળતી નથી ?

________________________________________________________________.

૪.આપણે શાના થી પીડાએ છીએ ?

________________________________________________________________.

૫. આ ગદ્યનું યોગ્ય શીર્ષક આપો.

________________________________________________________________.